પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૫, અંક:૫૩, કુલ પાના:૪, તારીખ: ૨૩-૧૦-૨૦૨૧ શનિવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 53 PRICE :-RS. 1.50 DATE : 23-10-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
Whatsapp No.9712880678
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## વડાપ્રધાન દ્વારા દેશવાસીઓને સ્વદેશી વસ્તુઓ ખરીદવા પર ભાર આપવાની અપીલ



નવી દિલ્હી,
વડાપ્રધાને તહેવારોની સિઝન પહેલા દેશવાસીઓને કોરોના સુરક્ષાને લઈ સતર્ક કર્યા હતા અને તહેવારો દરમિયાન સાવધાન રહેવા માટે કહ્યું હતું. વડાપ્રધાને કહ્યું હતું કે, દેશ મોટા લક્ષ્યો નિર્ધારિત કરીને તેને હાંસલ કરવાનું જાણે છે પરંતુ આ માટે આપણે સતત સાવધાન રહેવાની જરૂર છે. આપણે બેદરકાર નથી બનવાનું. વડાપ્રધાને પોતાની વાત સમજાવતા કહ્યું કે, કવચ ગમે તેટલા ઉત્તમ હોય, આધુનિક હોય, સુરક્ષાની સંપૂર્ણ ગેરન્ટી આપતા હોય પરંતુ જ્યાં સુધી યુદ્ધ ચાલુ હોય ત્યાં સુધી હથિયાર ફેંકી ન દેવાય. તહેવારો દરમિયાન સતર્ક રહો, માસ્કને આદત બનાવી લો. કોરોના કાળમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ૧૦મી વખત દેશવાસીઓને સંબોધિત કર્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના સંબોધન દરમિયાન ૨૧મી ઓક્ટોબર, ૨૦૨૧ના રોજ ભારતે કોરોના વેક્સિનના ૧૦૦ કરોડ ડોઝ આપવાનો લક્ષ્યાંક હાંસલ કર્યો તેને લઈ શુભેચ્છા પાઠવી હતી. વડાપ્રધાને આ ઉપલબ્ધિ પાછળ ૧૩૦ કરોડ દેશવાસીઓની કર્તવ્યશક્તિ લાગી છે માટે આ સફળતા ભારતની સફળતા છે અને દરેક દેશવાસીની સફળતા છે તેમ કહ્યું હતું. સાથે જ ૧૦૦ કરોડ વેક્સિન ડોઝ એ એક આંકડો નહીં પણ નવા અધ્યાયની શરૂઆત છે તેમ કહ્યું હતું. સંબોધન દરમિયાન વડાપ્રધાને કહ્યું કે, ભારતનો સંપૂર્ણ વેક્સિનેશન પ્રોગ્રામ વિજ્ઞાનના ખોળામાં જન્મ્યો છે, વૈજ્ઞાનિક આધારો પર વિકસ્યો છે અને વૈજ્ઞાનિક રીતે ચારેય દિશાઓમાં પહોંચ્યો છે. સાથે જ ભારતનો સંપૂર્ણ વેક્સિનેશન પ્રોગ્રામ સાયન્સ બોર્ન, સાયન્સ ડ્રિવન અને સાયન્સ બેઝ્ડ છે તે દેશવાસીઓ માટે ગર્વ લેવા જેવી વાત છે તેમ કહ્યું હતું. ભારતના અર્થતંત્ર અંગે વિશ્વાસ દર્શાવતા વડાપ્રધાને કહ્યું કે, નિષ્ણાંતો અને દેશ વિદેશની અનેક એજન્સી ભારતીય અર્થતંત્રને લઈ ખૂબ જ સકારાત્મક છે. આજે ભારતીય કંપનીઓમાં માત્ર રેકોર્ડ ઈન્વેસ્ટમેન્ટ જ નથી આવી રહ્યું પરંતુ યુવાનો માટે રોજગારીના નવા અવસરો પણ બની રહ્યા છે. જે રીતે સ્વચ્છ ભારત અભિયાન એક જનઆંદોલન છે એવી જ રીતે ભારતમાં બનેલી વસ્તુઓ ખરીદવી, ભારતીયો દ્વારા બનેલી વસ્તુઓ ખરીદવા, વોકલ ફોર લોકલ બનવું તેને વ્યવહારમાં લાવવા સૂચન કર્યું હતું. તેમણે કહ્યું હતું કે, દરેક નાનામાં નાની વસ્તુ જે મેડ ઈન ઈન્ડિયા હોય, જેને બનાવવા પાછળ કોઈ ભારતવાસીનો પરસેવો વહ્યો હોય તેને ખરીદવા માટે જોર આપવું જોઈએ.

## નેપાળમાં ભારે વરસાદના કારણે ૨૦ જિલ્લા પ્રભાવિત : ૮૮ના મોત



નવી દિલ્હી,
હવામાનની સ્થિતિમાં સુધારો આવ્યો છે. આ બધા વચ્ચે ગૃહ મંત્રી બાલકૃષ્ણ ખંડે નેપાળ પોલીસ, સશસ્ત્ર પોલીસ દળ, રાષ્ટ્રીય અન્વેષણ વિભાગ અને નેપાળી સેનાને હુમલા જિલ્લામાં ફસાયેલા પર્યટકોને બહાર કાઢવા નિર્દેશ આપ્યો છે. તેઓ લિમિ ક્ષેત્રમાં ભારે હિમવર્ષાના કારણે રસ્તો જામ થવાથી ફસાઈ ગયા છે. ભારે વરસાદ અને તેના કારણે આવેલા પૂરના લીધે નેપાળના વિવિધ વિસ્તારોમાં વધુ ૧૧ લોકોના મોત થયા છે. આ સાથે જ ગુરૂવારે મૃતકઆંક વધીને ૮૮ થઈ ગયો હતો. ડિઝાસ્ટર મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટના કહેવા પ્રમાણે અત્યાર સુધીમાં ૩૦ લોકો લાપતા છે. નેપાળના પાંચથર જિલ્લામાં સૌથી વધારે ૨૭ લોકોના મોત થયા હતા જ્યારે ઈલામ અને ઈલામ અને દોતી જિલ્લામાં ૧૩-૧૩ લોકોના મોત થયા હતા. તે સિવાય કાલીકોટ, બૈતાડી, દડેલધુરા, બજંગ, હુમલા, સોલુખુમ્બુ, પ્યૂથન, ધનકુટા, મોરંગ, સુનસારી અને ઉદયપુર સહિત ૧૫ જિલ્લામાંથી લોકોના મૃત્યુના સમાચાર છે. સ્વાસ્થ્ય મંત્રાલયના અધિકારીઓએ જણાવ્યું કે, બુધવારે ૬૩ લોકોના મોત થયા હતા જ્યારે મંગળવારે ૧૪ લોકો મૃત્યુ પામ્યા હતા. નેપાળ ખાતેની આ હોનારતના કારણે ૨૦ જિલ્લાઓ પ્રભાવિત થયા છે. બઝાડ જિલ્લામાં ૨૧ લોકો લાપતા છે.

## પ્રથમ વાર્ષિક પૂણ્યતિથી





### પંચમહાલ સમાચારના આદ્યસ્થાપકને

### ભાવભિની શ્રદ્ધાંજલિ

કુટુંબ પરિવારજન સમાજના મોભી વડ તમે સંભારણા મુકીને અમોને છોડી ગયા. અંજલી આપતા શબ્દો ખુટે છે. શ્રદ્ધાંજલી આપતા ફુલો ખુટે છે. દુઃખ થી કદી ડર્યા નહી. સુખ થી કદી છલકાયા નહી. સૌના હૃદયમાં ચોખવટભર્યા ઉમદા સ્વભાવની ઉમદા સુવાસ જીવન પર્યન્ત અમોને માર્ગદર્શન બની રહેશે. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...



**સ્વ. અજયકુમાર કાંતિલાલ પંચાલ**
**જન્મ તા.૨૬/૧૨/૧૯૬૪ । સ્વ.તા.૨૩/૧૦/૨૦૨૦**

**લી.**

દિલીપભાઈ જયંતિલાલ પંચાલ
કુંજલતાબેન પ્રવિણકુમાર પંચાલ
પ્રવિણકુમાર પરસોત્તમદાસ પંચાલ
વિજયકુમાર કાંતિલાલ પંચાલ - ભગવતીબેન વિજયકુમાર પંચાલ
ગં.સ્વ. આશાબેન અજયકુમાર પંચાલ
કૌશલ વિજયકુમાર પંચાલ - કિંજલ કૌશલકુમાર પંચાલ
કમલ વિજયકુમાર પંચાલ- દિપીકા કમલકુમાર પંચાલ
કરણ અજયકુમાર પંચાલ - ઉન્નતી કરણકુમાર પંચાલ
વૈષ્ણવી અજયકુમાર પંચાલ
સૌરભકુમાર રાજુભાઈ પંચાલ
મોક્ષા, દ્વિશા

**પંચમહાલ સમાચાર પરિવાર**

અરૂણકુમાર વૈષ્ણવ, રાજેશભાઈ રાણા, જનક મિસ્ત્રી, કુંદન બારીયા, દિલીપ, જીગ્નેશ પરમાર, શૈલેષ ચૌહાણ, શાહીદ ભાયા, અનસ મિઠા, મુકેશ ગોહીલ, અનિલ નાગર, રાજેશ પટેલ, નામદેવ પાટીલ

**મહિસાગર આવૃત્તિ**
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

**પંચમહાલ સમાચાર**

# લુણાવાડા તાલુકાના વિરણીયા ખાતે સાતમા તબક્કાનોસેવા સેતુ કાર્યક્રમ યોજાયો

લુણાવાડા,
રાજ્ય સરકારના પ્રજાલક્ષી અભિગમ અંતર્ગત વહિવટી પ્રક્રીયામાં પારદર્શિતા લાવવા અને લોકોને ઘર આંગણે જ વિવિધ સરકારી સેવા-યોજનાઓનો લાભ મળી રહે તેવા આશય સાથે મહીસાગર જિલ્લામાં આજે ૭માં તબક્કાનો સેવાસેતુ કાર્યક્રમનો પ્રારંભ લુણાવાડાના વીરણીયા પ્રાથમિક શાળા ખાતેથી જિલ્લા કલેક્ટર મનીષકુમારના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યો. સાથે સાથે બાલાસિનોર તાલુકમાં ગજા પગીના મુવાડા ખાતે, વીરપુર તાલુકાના કોયડમ ખાતે, ખાનપુર તાલુકામાં ચારણના દેગમડા ખાતે, સંતરામપુર તાલુકામાં બટકવાડા ખાતે અને કડાણા તાલુકામાં દીવડા પ્રાથમિક શાળા ખાતે સેવા સેતુ કાર્યક્રમો યોજાયા હતો. જેમાં ગામોના અને નગર વિસ્તારના નાગરીકો દ્વારા મળેલ પ્રશ્નોનો સ્થળ પર જ હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો. આ સેવાસેતુ કાર્યક્રમ નાના માણસનો આ મોટો કાર્યક્રમ બની રહયો હતો.

આ પ્રસંગે જિલ્લા કલેક્ટર મનીષકુમારે જણાવ્યું હતું કે,પ્રજાની લાગણી માંગણી અને અપેક્ષા પુર્ણ કરવા સાથે એકપણ સાચો લાભાર્થી સરકારી લાભોથી બાકત ન રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા સેવાસેતુ કાર્યક્રમ અમલમાં આવેલ છે. પહેલા વિવિધ સરકારી સેવા યોજનાઓનાના લાભ/કામ માટે પોતાના કામ ધંધા, ખેતી કામ છોડીને તાલુકા-જિલ્લામાં જવુ પડતુ હતું. સરકારે તે ઉદેશ્ય બદલીને સરકારના તમામ અધિકારી કર્મચારીઓને તમારા દ્વારે મોકલ્યા છે. સાથે દરેક યોજનાની માહિતી પણ આ કાર્યક્રમમાં મળવાની છે તો દરેક આ કાર્યક્રમનો લાભ તેવી અપીલ કરી હતી.

આ સેવાસેતુમાં જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણીએ જણાવ્યું કે, સરકાર તમારા દ્વારે આ


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

થીમના હેતુથી સેવાસેતુનું આયોજન કરવામાં આવ્યું. જેમાંવ્યક્તિલક્ષી રજુઆતોના નિકાલ માટે આવક, જાતિ, ક્રિમિલિયર, ડોમિસાઇલ, પ્રમાણપત્રને લગતા દાખલાઓ તેમજ રેશનકાર્ડને લગતી અરજીઓ, આધારકાર્ડ અને ચૂંટણીકાર્ડમાં નામ નોધાવવાની અરજીઓ, મા અમૃતમ યોજના તથા વાત્સલ્ય કાર્ડમાં લાભાર્થીઓની નોંધણી અને કાર્ડ ઈસ્યુ કરવા, રાજ્ય સરકારની કૃષિ, પશુપાલન, સહકાર, વાહન વ્યવહાર, ઈ સ્ટેમ્પીંગ સેવા, ગ્રામ વિકાસ, પંચાયત, સમાજ કલ્યાણની યોજનાઓ હેઠળ વ્યક્તિલક્ષી લાભો માટે અરજીઓ વરિષ્ઠ નાગરિકતા પ્રમાણપત્ર, દિવ્યાંગતા પ્રમાણપત્ર, સ્કોલરશીપ યોજના લાભો, વિધવા સહાય અને વૃધ્ધ નિરાધાર સહાય યોજના હેઠળ લાભ મેળવવા માટેની અરજીઓ લગતી વિગતો આપી હતી.

સેવા સેતુ કાર્યક્રમમાં સ્થળ પર જે તે અરજદાર રજુઆત લઈને આવ્યા ત્યારે રજુઆતના ગુણદોષ, રજુ કરેલ તથ્યો અને જરૂરીયાત પ્રમાણે સ્થળ મુલાકાત કરીને રજુઆતોનો સ્થળ પર નિકાલ લાવવા જિલ્લા વહીવટી તંત્ર તેમજ તાલુકા કક્ષાના તંત્ર દ્વારા તનતોડ મહેનત કરી આવેલ લાભાર્થીઓને આજના દિવસે તેમના કામનો નિકાલ કરવા ઘનિષ્ઠ પ્રયાસો કર્યા હતા.

આ કાર્યક્રમમાંતાલુકા પ્રમુખ જયંતીકાબેન પટેલ, પ્રાંત અધિકારી બ્રિજેશ મોડીયા, હેલ્થ ઓફીસર, સરપંચ ઉદેશીહ ચૌહાણ સહિતલાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સેવાસેતુ કાર્યક્રમથી ગ્રામ્ય વિસ્તારના નાગરીકોનો ઉત્સાહ અને આનંદ જોવા મળ્યો હતો.

## ખાનપુર ખાતે દેશમાં સો કરોડ વેકસિનેશનની કામગીરીની ઉજવણી : તાલુકા આરોગ્ય અધિકારી સહિત આરોગ્ય કર્મયોગીઓને સન્માનિત કરવામાં આવ્યા

લુણાવાડા,
૧૦૦ કરોડના રસીકરણની રાષ્ટ્રીય સિધ્ધિ નિમિત્તે આજે જાણે કે આરોગ્ય પરિવાર માટે દિવાળીની ઉજવણીનો તહેવાર હોય તેમ જિલ્લા કલેક્ટર ડો. મનિષકુમાર, જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણી, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એસ. બી. શાહ સહિત જિલ્લાના તમામ આશાવર્કર બહેનો અને ફીમેલ-મેલ હેલ્થ વર્કરોએ ગગનમાં ૧૦૦ ફુગ્ગા ઉડાડીને તો આરોગ્ય કેન્દ્રોમાં રંગોલી પૂરીને પોતાની ખુશહાલી વ્યકત કરી હતી.

આ ખુશહાલીના ભાગરૂપે આજે મહીસાગર જિલ્લાના ખાનપુર ખાતેના સી.એચ.સી. ખાતે ઉજવણી



કરવામાં આવી હતી. આ ઉજવણીના ભાગરૂપે ખાનપુર વહીવટી કર્મચારીઓ દ્વારા આરોગ્ય કર્મયોગીઓનું સન્માન કરવામાં આવ્યું હતું જયારે તાલુકા આરોગ્ય અધિકારીનું ખાનપુરના વહીવટી કર્મયોગીઓ વતી પોલીસ ઈન્સ્પેકટર દ્વારા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું.

# લુણાવાડા ખાતે કાનૂની સેવા સત્તા મંડળના ચેરમેન અને મુખ્ય જિલ્લા ન્યાયાધીશની અધ્યક્ષતામાં કાનૂની સેવા પ્રદર્શન યોજાયુ

લુણાવાડા,
ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળ, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદના માર્ગદર્શન મુજબ મહીસાગર જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, લુણાવાડાના ઉપક્રમે આઝાદી કા અમૃત મહોત્સવ પાન ઈન્ડીયા અવેરનેસ કાર્યક્રમોનુ તા.૦૨ ઓકટોબર ૨૦૨૧ થી તા.૧૪ નવેમ્બર ૨૦૨૧ સુધી ઉજવણી થઈ રહેલ છે. જેમાં નામદાર નાલ્સા, સુપ્રિમ કોર્ટ, નવી દિલ્હીની જૂદી જૂદી યોજનાઓ વિશે મહીસાગરના જિલ્લાના છેવાડાના તથા અંતરીયાળ ગામો સુધી કાયદાની સમજ આપવાના હેતુસર એક ઝૂંબેશ ચલાવવામાં આવી રહી છે.

તે અનુસંધાને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલય, મહીસાગર-લુણાવાડાના ચેરમેન અને મુખ્ય જિલ્લા ન્યાયાધીશ એચ.એ.દવેના માર્ગદર્શન હેઠળ મફત કાનૂની સેવા-સહાય અને શિક્ષણની જાણકારી છેક છેવાડાના નાગરિકો સુધી પહોચે તે હેતુસર સમગ્ર મહીસાગર જિલ્લામાં જનજાગૃતિ અને પ્રચાર-પ્રસારની સઘન અને અસરકારક કામગીરી થાય તે મુજબના કાનૂની શિક્ષણનાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનાં ભાગરૂપે જિલ્લા ન્યાયાલય લુણાવાડા ખાતે જિલ્લા મુખ્ય ન્યાયાધીશ એચ એ દવે સહિત ન્યાયાધીશોએ દીપ પ્રાગટ્ય કરી કાનૂની સેવા પ્રદર્શનને ખુલ્લું મૂક્યું હતું.આ પ્રદર્શનને લુણાવાડા શહેર ની શાળાઓના બાકળોએ મુલાકાત લઈ નિહાળ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા કાનૂની



સેવા સત્તા મંડળના ચેરમેન અને પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ એચ.એ દવેએ જણાવ્યું હતું કે, સમગ્ર જીલ્લામાં કોઈ કાયદાની સમજ અને મફત સક્ષમ કાનુની સહાયથી વંચીત ન રહી જાય અને નામદાર નાલ્સાની વિવિધ સમાજ કલ્યાણકારી યોજનાઓ સાથે સરકારની વિવિધ સમાજ કલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના અંતરીયાળ ગામ્રજનો સુધી પહોંચે તે માટે એક ઝૂંબેશ સ્વરૂપે અભિયાન જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, મહીસાગર દવારા હાથ ધરાયેલ છે તેમા સહભાગી થવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે એડિશનલ ડિસ્ટ્રિકટ જજ પી.એ.પટેલ, એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ એન. જી દવે,પ્રિન્સિપલ સિનિયર સિવિલ જજ સોની, જજ જગુવાલા, જજ મારવાહ, કર્મચારીગણ, સહિત સભ્યઓ તેમજ મુલાકાતીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## લુણાવાડા ખાતે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા સિંગલ યુઝ પ્લાસ્ટિક પ્રતિ જાગૃતિ માટે યોજવામાં આવેલ રેલી

લુણાવાડા,
કેન્દ્ર સરકાર દ્વારા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત તા.૧લી થી તા. ૩૧મી ઓક્ટોબર,૨૦૨૧ દરમિયાન "સ્વચ્છ ભારત-CLEAN INDIA" અંતર્ગત નહેરૂ યુવા કેન્દ્ર-આણંદ અને જિલ્લા વહિવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે વિવિધ સ્વચ્છતાના કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત આજે લુણાવાડા ખાતે જિલ્લા શિક્ષણાધિકારીના નેતૃત્વ હેઠળ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા સિંગલ યુઝ પ્લાસ્ટિક અંગેની જનજનમાં જાગૃતિ આવે તે રેલી યોજવામાં આવી હતી. આ રેલી લુણાવાડા નગરના વિવિધ માર્ગો પર ફરીને નાગરિકોને સિંગલ યુઝ પ્લાસ્ટિક



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

અંગે જાગૃતિ લાવવામાં આવી હતી. આ રેલીમાં એસ. કે. હાઈસ્કૂલ, લુણાવાડાના રાષ્ટ્રીય સેવા યોજનાના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ સહિત કચેરીના અધિકારીઓ-કર્મચારીઓ જોડાયા હતા. અને માર્ગમાં સફાઈ કરી પ્લાસ્ટિક એકત્રિત કરી માર્ગને સ્વચ્છ બનાવ્યો હતો.

## પંચમહાલ જિલ્લામાં ગોધરા ખાતે ૨૪મી ઓક્ટોબરના રોજ મેગા લીગલ સર્વિસ કેમ્પનું આયોજન

ગોધરા,
પંચમહાલ જિલ્લામાં આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવણી અંતર્ગત પાન ઈન્ડિયા અવેરનેસ એન્ડ આઉટરીચ કેમ્પેઈન હેઠળ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અને જિલ્લા વહીવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે ૨૪મી ઓક્ટોબરના રોજ મેગા લીગલ સર્વિસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૧૦.૦૦ કલાકે પોલિસ હેડક્વાર્ટર, ગોધરા ખાતે યોજાનાર આ કાર્યક્રમમાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળની વિનામૂલ્યે અને સક્ષમ કાનૂની સહાય તેમજ વિક્ટીમ કોમ્પનશેસન, કાનૂની માર્ગદર્શન પૂરા પાડવામાં આવશે તેમજ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા વિવિધ સેવાઓ જેવી કે ઉજ્જવલા યોજના, વૃદ્ધ સહાય, વય વંદના સહાય, વિધવા સહાય, સંકટ મોચન સહાય, આવાસ યોજના, વ્હાલી દિકરી યોજના, મુખ્યમંત્રી ઉત્કર્ષ યોજના, દિવ્યાંગ લગ્ન સહાય યોજના, આરોગ્ય કચેરીની વિવિધ યોજનાઓ, કુંવરબાઈનું મામેરૂ, કેદી સહાય યોજના, ટ્રેકટર સહાય યોજના, પંડિત દિન દયાલ આવાસ યોજના, પાલક માતા પિતા યોજના સહિતની વિવિધ વિભાગોને લગતી યોજનાના લાભાર્થીઓને લાભોનું વિતરણ કરવામાં આવશે તેમજ આ યોજનાઓ સંબંધિત માહિતી પણ આપવામાં આવશે. આ કાર્યક્રમમાં ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ એ.પી. ઠાકર, ગુજરાત હાઈકોર્ટ અને એડમીનીસ્ટ્રેટિવ જજ, પંચમહાલ જિલ્લા, મુખ્ય જિલ્લા ન્યાયાધીશ જે.આર. શાહ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

## ગોધરા તાલુકા છબનપુર દરૂણીયા પાસે અજાણ્યા વાહનની ટક્કરે ઈજાગ્રસ્ત બોડીદ્રા બુર્ઝગના બાઈક ચાલકનું મોત

ગોધરા,
ગોધરા તાલુકાના છબનપુર બ્રીજ આગળ દરૂણીયા પાસે થી બાઈક ઉપર પસાર થતાં ૩૮ વર્ષીય બાઈક ચાલકને અજાણ્યા વાહને અડફેટમાં લેતાં ગંભીર ઈજાઓ થવા પામી હતી અને દવા સારવાર દરમ્યાન મોત નિપજાતા આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના બોડીદ્રા બુર્ઝગ ગામે રહેતા વિઠ્ઠલભાઈ દેવાભાઈ વણકર ઉ.વ.૩૮ જે ૧૫ ઓકટોમ્બરના રોજ અમદાવાવ બાયપાસ હાઈવે છબનપુર બ્રીજ દરૂણીયા પાસેથી બાઈક નંબર જીજે.૧૭.એકયુ.૪૯૨૦ લઈને પોતાના ઘરે જઈ રહયા હતા. ત્યારે અજાણ્યા વાહને સામેથી ટકકર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. ગંભીર ઈજાગ્રસ્ત થતાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં દવા સારવાર દરમિયાન મોત નિપજાતા બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# મોરવા હડફ ખાતેથી સાતમા તબક્કાનાં સેવાસેતુ કાર્યક્રમની શરૂઆત કરાવતા રાજ્યમંત્રી નિમિષાબેન સુથાર

ગોધરા,
સેવાસેતુનાં સાતમા ચરણનો પંચમહાલ જિલ્લામાં મોરવા હડફ તાલુકાના ડાંગરિયા ખાતેથી આદિજાતિ વિકાસ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ તેમજ તબીબી શિક્ષણ રાજ્યમંત્રી નિમિષાબેન સુથારે દીપ પ્રગટાવી પ્રારંભ કરાવતા જણાવ્યું હતું કે લોકોને સરકારની વિવિધ યોજનાઓ હેઠળ વ્યક્તિગત લાભો, વન ડે સર્વિસીસ ઘર આંગણે મળી રહે તેવા ઉમદા હેતુથી સેવાસેતુના કાર્યક્રમો કરવામાં આવે છે. ગ્રામજનોએ સામાન્ય સેવાઓ માટે તાલુકા મથકે કે જિલ્લા મથકોએ જવાની જરૂર ન પડે, તેમનો સમય અને નાણાંની બચત થાય તેમજ સરકારી સેવાઓની ડિલીવરીને ત્વરિત, પારદર્શક અને સરળ બનાવવા માટે આ કાર્યક્રમોનું આયોજન થાય છે અને ૧૨ જેટલા વિભાગોની ૫૬ જેટલી સેવાઓ તાલુકા મથક કે જિલ્લા મથકોએ ગયા વગર મળી રહે છે ત્યારે ગ્રામ્ય વિસ્તારના લોકો તેનો મહત્તમ લાભ મેળવે તેવી અપીલ પણ મંત્રીએ કરી હતી. કાર્યક્રમમાં મંત્રીના હસ્તે સ્થળ પર જ



લાભાર્થીઓને વિવિધ દાખલા-પ્રમાણપત્રોનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આરોગ્યમંત્રીએ વિવિધ વિભાગોના સ્ટોલની મુલાકાત લઈ અપાઈ રહેલ સેવાઓ અંગે લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો અને ઉપલબ્ધ સેવાઓનું નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ કુ. કામિનીબેન સોલંકી, જિલ્લા વિકાસ અધિકારી અર્જુનસિંહ બી. રાઠોડ, પ્રાંત અધિકારી જે.કે. બારોટ સહિતના પદાધિકારીઓ-અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લામાં આ નિમિત્તે ગોધરામાં તાજપુરા (છીપા) પ્રાથમિક શાળા, કાલોલ તાલુકામાં મધવાસ ખાતે, હાલોલ તાલુકામાં ઢીંકવા માધ્યમિક શાળા ખાતે, ઘોઘંબા તાલુકામાં ઘોઘંબા તાલુકા પ્રાથમિક શાળા ખાતે, જાંબુઘોડા તાલુકામાં ખાંડીવાવ પ્રાથમિક શાળા ખાતે તેમજ શહેરા તાલુકામાં ભેસાલ ખાતે સેવાસેતુ કાર્યક્રમો યોજાયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, સાતમા તબક્કામાં યોજાયેલા સેવા-સેતૂ કાર્યક્રમમાં સામાન્ય વહિવટ વિભાગ, અન્ન, નાગરીક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગ, આદિજાતી વિકાસ, આરોગ્ય વિભાગ, મહેસુલ વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ, શ્રમ અને રોજગાર, ઊર્જા અને પેટ્રોકેમીકલ વિભાગ વિવિધ વિભાગો દ્વારા આધારકાર્ડ, પ્રમાણપત્ર, દિવ્યાંગતા પ્રમાણપત્ર, સાત-બાર/ આઠ-અ ના પ્રમાણપત્રો, રેવન્યુ રેકર્ડ માટે વારસાઈ અરજી, નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર, વૃધ્ધ નિરાધાર સહાય, વિધવા સહાય જેવી ૫૬ જેટલી વિવિધ સરકારી સેવાઓની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. આ માટે ગ્રામ્ય કક્ષાએ ૬ થી ૮ ગામનાં કલસ્ટર બનાવીને આગામી તા. ૫ જાન્યુઆરી સુધી કાર્યક્રમો યોજવામાં આવશે. ગ્રામ્ય વિસ્તાર સહિત નગરપાલિકા વિસ્તારમાં પણ નાગરિકોની રજૂઆતોનો સ્થળ પર જ નિકાલ લાવવા માટે નગરપાલિકા કક્ષાએ પણ બે સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વસ્તી પ્રમાણે ૩ કે ૪ વોર્ડના કલસ્ટર બનાવીને આગામી તા. ૫ જાન્યુઆરી સુધીમાં તમામ નાગરિકોને આવરી લેવાનું આયોજન કરવામાં આવ્યું છે.

## નર્મદાના પાણી કચ્છમાં પહોંચશે : ડેમ, તળાવોને સક્ષમ કરો

ભુજ,
ધનજી જિયાણીએ સુખપરમાં રૂ.૫ કરોડના વિવિધ વિકાસકાર્યો જેવા પી.એચ.સી., પશુ દવાખાનું, હિંદુ સ્મશાનગૃહ, મંદિરો માટે, રોડ રસ્તાઓ બનાવવા વગેરેની વિગતો રજુ કરી હતી. જિલ્લા પંચાયત પ્રમુખ પારૂલબેન કારા, ભુજ તાલુકા પંચાયત પ્રમુખ મંજુલાબેન ભંડેરી, અગ્રણી ભીમજી જોધાણી, હરીશ ભંડેરી, શીવજી પાધરા, લાલજી રાબડિયા, રતનબેન મેપાણી, જશુબેન ભુવા વગેરે હાજર રહ્યા હતા. માનકુવા ખાતે વિવિધ સમાજો, સંગઠનો, મંડળો અને સંસ્થાઓએ નિમાબેનનું અભિવાદન કર્યુ હતું. આ તકે જિ.પં. સભ્ય મનીષાબેન વેલાણી, સામાજિક ન્યાય સમિતિના લક્ષ્મીબેન, માનકુવા સરપંચ વનિતાબેન હીરાણી, જયમલ રબારી, હરિભાઈ ગાગલ, તુષાર ભાનુશાલી, રાજેશ દેસાઈ, નિલેશ વરસાણી, ઉર્મિલાબેન ગોરાણી, રામજી ડબાસિયા, વનિતાબેન રાણવા, દક્ષાબેન લાધાણી, વાળાસર સરપંચ ક્ષિતિબેન વગેરે હાજર રહ્યા હતાભુજ તાલુકાના સુખપર અને માનકુવામાં વિધાનસભા અધ્યક્ષાનું અભિવાદન કરવામાં આવશે. સુખપરમાં વિવિધ ધાર્મિક, સામાજિક સંસ્થાના અને વિવિધ સમાજો, મંડળોએ વિધાનસભા અધ્યક્ષા ડો.નિમાબેન આચાર્યનું બહુમાન કરાયું હતું. ત્યારબાદ નિમાબેને જણાવ્યું હતું કે, નર્મદા કેનાલની કામગીરી ચાલુ છે ત્યારે નર્મદાના વધારાના ૧ મિલિયન એકર ફીટ પાણીને ભરવા ડેમ અને તળાવો વધુ સક્ષમ કરવા પર ભાર મૂકી, નર્મદાના પાણી નજીકના ભવિષ્યમાં કચ્છમાં પહોંચશે તેમ જણાવ્યું હતું.

## ઔદ્યોગિક હેતુ માટે બિનખેતી મંજૂરી ઝડપી બનાવવા સૂચના

ગાંધીનગર,
શહેરી વિસ્તારમાં એક વર્ષ સુધી પ્રોપર્ટી કાર્ડ મળતું નહીં હોવાની ગંભીર નોંધ લઈને રાજેન્દ્ર ત્રિવેદીએ કોઈપણ પ્રકારની ઢીલાશ નહીં ચલાવાય તેવી તાકીદ કરી હતી. રેવન્યુ ઈન્સ્પેક્શન કમિશનરના તાબા હેઠળ કમિટી બનાવીને દરેક જિલ્લામાં આકસ્મિક તપાસ કરાશે. ગૌચરની જમીનોમાં દબાણ દૂર કરવા તેમજ ૧૫ વર્ષે નવી શરતની ખેતીની જમીન સુઓમોટો જૂની શરતમાં ફેરવવાના હૂકમોનો દર મહિને રીવ્યુ કરવા સૂચના આપી છેમહેસૂલી કર્મચારીઓ કોઈ કામ માટે પૈસા માંગતા હોય તો વિડીયો બનાવીને મોકલો તેવી અપીલ મહેસૂલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ નાગરિકોને કર્યા બાદ ત્રિવેદી ઉપર ટેલિફોનિક ફરિયાદોનો મારો શરૂ થયો છે. મહેસૂલ વિભાગમાં વચેટીયાઓ પૈસા માંગતા હોવાની વ્યાપક ફરિયાદો મંત્રીને મળી છે. ત્રિવેદીએ કહ્યું કે ભ્રષ્ટાચાર મામલે ગૃહ વિભાગની મદદ લઈને કાર્યવાહી કરાશે. દરેક જિલ્લા કલેક્ટર અને પ્રાંત અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ મારફતે યોજેલી બેઠકમાં રાજેન્દ્ર ત્રિવેદીએ મેટર રીમાન્ડ કરવાને બદલે ગુણદોષના આધારે માત્ર ત્રણ મુદત બાદ સીધો નિર્ણય કરવા કલેક્ટરોને સૂચના આપી હતી. દરેક જિલ્લામાં લોકોના પ્રશ્નો અંગે પ્રભારી મંત્રીની ઉપસ્થિતિમાં ખાસ કેમ્પ કરવા કહેવાયું છે. ઔદ્યોગિક હેતુ માટે બિનખેતીની મંજૂરી ઝડપી બનાવવા સૂચના અપાઈ છે.



આરાસુરી માં અંબાજી માતાજીનાં પરીવાર સહીત દર્શન કર્યા. આ પ્રસંગે જીતેન્દ્રકુમાર ખડાયતાએ મંદિર પરિસરમાં વ્યવસ્થાની મુલાકાત કરી. સાથે શ્રી આરાસુરી માં અંબાજી માતાજીના ગબ્બર પર્વત ઉપર દર્શન અને પુંજા કરી. શ્રી આરાસુરી માં અંબાજી માતાજી દેવસ્થાન ટ્રસ્ટ સંચાલિત શ્રી અંબીકા ભોજનાલય, જલયાણ સદાવ્રતની મુલાકાત કરી. આ સંસ્થાના મેનેજર પંકજભાઈ સોનેતી સાથે પણ મુલાકાત કરીને ભોજન શાળા માં યાત્રિઓ અને દર્શનાર્થીઓને જીતેન્દ્રકુમાર ખડાયતાએ તેમના હાથે પ્રસાદ (ભોજન) પિરસીને સેવા આપી.

## ૪૦૦ કરોડનો ખર્ચ છતાં સાબરમતી નદીમાં લીલ અને ગંદકી

અમદાવાદ,
સાબરમતી નદી કે જે સ્વચ્છ કરવાની વાતો જ આપણે સાંભળતા આવ્યા છીએ. AMC ની વાતો વચ્ચે સુભાષબ્રિજ નજીક રેલવે ઓવરબ્રિજ પાસે અડધો કિલોમીટર સુધીના પટ્ટામાં લીલથી ભારે દુર્ગંધ મારે છે. આ લીલથી મચ્છર, જીવાતનો ઉપદ્રવ વધ્યો છે. જેથી નદીકાંઠાની આસપાસ રહેતા લોકો પર રોગચાળાનો ખતરો છવાયો છે. હવે આ સ્થિતિ રહી-રહીને પાલિકાના ધ્યાને આવી છે. અમદાવાદ મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટી ચેરમેને આશ્વાસન આપ્યું છે કે નદીની સફાઈ દિવાળી પહેલા પૂર્ણ કરાશે.સફાઈની ઉંચી ઉંચી વાતો કરીને લોકોને આશ્વાસન આપવામાં નંબર લાવવાનો હોય તો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને કોઈ ન પહોંચે. આ વખતે પણ સાબરમતી નદીમાં સફાઈ ઝુંબેશ જોરદાર ચાલતી હોવાની વાતો કરનારી પાલિકા ખરેખર નદીની સફાઈની વાત આવે ત્યારે પાણીમાં બેસી જાય છે.

## આજનું રાશી ભવિષ્ય — તા.૨૩/૧૦/૨૦૨૧ શનિવાર

મેષ : આજનો દિવસ સંતોષપૂર્ણ અને શાંતિપૂર્ણ બની રહી શકે છે. રાજકીય ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે. સરકાર અને સત્તા વચ્ચેના જોડાણનો લાભ તમને મળી શકે છે.

વૃષભ : આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ તમને મળશે. સાસરિયા તરફથી પૂરતી રકમ મળી શકે છે. સાંજથી રાત સુધી સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેવાની તકો મળશે.

મિથુન : તમારે કડવાશને મીઠાશમાં રૂપાંતરિત કરવાની કળા શીખવી પડશે. તમને તમારા જીવનસાથી તરફથી સહયોગ મળશે. સંતાન તરફથી નિરાશાજનક સમાચાર મળી શકે છે.

કર્ક : આજનો દિવસ પુત્ર, પુત્રીની ચિંતા અને તેમના કાર્યોમાં વિતાવશો. વિવાહિત જીવનમાં ઘણા દિવસોથી ચાલી રહેલી સમસ્યા સમાપ્ત થઈ જશે. આજે સંબંધીઓ સાથએ વ્યવહાર ના કરો, સંબંધો ખરાબ થવાની સંભાવના છે.

સિંહ : આજે તમને પારિવારિક અને આર્થિક મામલામાં સફળતા મળશે. આજીવિકાના ક્ષેત્રે ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી બનશે. કર્મચારીઓનો આદર અને સહયોગ પણ પૂરતો રહેશે.

કન્યા : આજે તમારો દિવસ મિશ્રિત રહેશે, પરંતુ સ્વાસ્થ્ય નરમ રહેશે. કોઈ પ્રતિકૂળ સમાચાર સાંભળીને તમારે અચાનક પ્રવાસ પર જવું પડી શકે છે. તમારી વાતોને લીધે કોઈની સાથે મતભેદો અને વિવાદ થઈ શકે છે.

તુલા : આજે કોઈ કિંમતી વસ્તુની ચોરીનો ભય રહેશે. બાળકોના શિક્ષણમાં અથવા કોઈપણ સ્પર્ધામાં સફળતાના સમાચારોને લીધે મનમાં આનંદ થશે. કોઈપણ અટકેલા કામ સાંજે પૂર્ણ થશે.

વૃશ્ચિક : આજે વૃશ્ચિક રાશિના લોકોએ તેમના સ્વાસ્થ્યનું વધુ ધ્યાન રાખવું પડશે. વાયુ વિકારની ફરિયાદો હોઈ શકે છે. બ્લડ પ્રેશરના દર્દીઓના રોગમાં વધારો થઈ શકે છે.

ધન : આજે તમારી આસપાસ કોઈ સુખદ વાતાવરણ રહેશે. પરિવારના બધા સભ્યોની ખુશીમાં વધારો થશે. કેટલાક મોટા વ્યવહારોની સમસ્યા જે ઘણા દિવસોથી ચાલી રહી છે તે ઉકેલાઈ શકે છે.

મકર : આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. રાજ્યની પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. સંતાનની જવાબદારી નિભાવી શકાય છે. મુસાફરીની સ્થિતિ સુખદ અને લાભકારી રહેશે. સાંજથી રાત સુધી તમને પ્રિયજનોના દર્શન તેમજ શુભ સમાચાર મળશે.

કુંભ : આજે તમને ભાગ્યનો સહયોગ મળશે. રોજગાર-વ્યવસાયના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયત્નોમાં કલ્પનાત્મક સફળતા પ્રાપ્ત થશે. સંતાન તરફથી પણ સંતોષકારક સુખદ સમાચાર મળશે.

મીન : આજની સ્થિતિમાં મન વિચલિત રહી શકે છે. આવકના નવા સ્ત્રોત સર્જાશે પરંતુ માનસિક મૂંઝવણને કારણે તમે લાભથી વંચિત રહી શકો છો. નમ્રતા-વાણીથી આદર મળશે.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

## સીંગવડ તાલુકાના હાંડી ગામે ખેતરમાં વાવેતર કરેલ ૨.૭૪ કરોડ રૂપીયાનો ગાંજાના છોડનો જથ્થો ઝડપ્યો





દાહોદ,

દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકાના હાંડી ગામનો ચકચારી બનાવ સામે આવ્યો છે. હાંડી ગામે ખેતરોમાં ગેરકાયદેસર રીતે ગાંજાના છોડનું વાવેતર કરતાં આ અંગેની જાણ દાહોદ એસ.ઓ.જી. પોલીસને થતાં પોલીસ કાફલો હાંડી ગામના ખેતરો તરફ તપાસ અર્થે દોડી જતાં પોલીસ ચોંકી ઉઠી હતી. ખેતરોમાં ૨૩૧૮ નંગ ગેરકાયદે ગાંજાના છોડ જેની કુલ કિંમત રૂા. ૨,૭૪,૫૪,૦૦૦ના જંગી માત્રાનામાં ગાંજાના છોડનું વાવેતર કરનાર ત્રણ ઈસમો પૈકી એકને પોલીસ દબોચી લઈ જ્યારે બે ઈસમો પોલીસને ચકમો આપી નાસી જતાં પંથક સહિત જિલ્લામાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

મળતી પ્રાપ્ત વિગતો અનુસાર, દાહોદ એસ.ઓ.જી. પોલીસને મળેલ બાતમીના આધારે એસ.ઓ.જી. પોલીસની ટીમ ગત તા.૨૧મી ઓક્ટોમ્બરના રોજ સીંગવડ તાલુકાના હાંડી ગામે મછાર ફળિયાના ખેતરોમાં ઓચિંતી તપાસ હાથ ધરી હતી. તપાસ કરતાંની સાથેજ પોલીસ ચોંકી ઉઠી હતી. ખેતરોમાં એક - બે નહીં પરંતુ ગેરકાયદે ગાંજાના છોડોનું ૨૩૧૮ નંગ. વાવેતર કરેલ નજરે પડતાં પોલીસ પણ અચંબામાં મુકાઈ ગઈ હતી. પોલીસે ગાંજાનું છોડોની ગણતરી કરતાં ૨૩૧૮ નંગ ગાંજાનું વાવેતર જેની કુલ કિંમત રૂા. ૨,૭૪,૫૪,૦૦૦ની કિંમતના ગેરકાયદેસર રીતે ગાંજાના વાવેતરના છોડો મળી આવ્યાં હતાં. પોલીસે આ મામલે ગામમાં રહેતાં વિક્રમભાઈ નારસીંગભાઈ મછારને ઝડપી પાડ્યો હતો જ્યારે હિંમતભાઈ જોખનાભાઈ મછાર અને સરતનભાઈ શાન્તુભાઈ મછાર પોલીસને જોઈ નાસી જવામાં સફળ રહ્યાં હતાં.

અત્રે ઉલ્લેખનીય છે કે, આટલી મોટી માત્રામાં ગેરકાદેસર રીતે ગાંજાનું વાવેતર કોની નજર રહેમ હેઠળ કરવામાં આવ્યું હશે? તે પણ એક ચર્ચાનો વિષય બન્યો છે. ત્યારે સમગ્ર મામલે એસ.ઓ.જી. પોલીસ દ્વારા મુદ્દામાલ કબજે કબે કરી ફરાર બે જણાના ધરપકડના ચક્રો પણ ગતિમાન કર્યા છે. આ સંબંધે એસ.ઓ.જી. પોલીસે રણધીકપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી તપાસનો ધમધમાટ આરંભ કર્યો છે.

## લીમખેડાની તીર્થ ઈન્ટરનેશનલ સ્કુલ દ્વારા લિવિંગ સર્ટિફિકેટ નહિ આપવામાં આવતા શાળા વિરૂદ્ધ લેખિત ફરિયાદ કરતા ખળભળાટ

દાહોદ,

લીમખેડામાં જેતપુર (દુ) ગામે આવેલી ખાનગી તીર્થ ઈન્ટરનેશનલ શાળામાં ધોરણ ૬ માં ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરતી બાળકીને જવાહર નવોદય વિદ્યાલયમાં મેરીટના ધોરણે પ્રવેશ મળતા એલ.સી. ની જરૂર પડી હતી. શાળા સંચાલક દ્વારા ફી બાકી હોવાના કારણે સર્ટી ન આપતા વિદ્યાર્થીનીનું ભાવિ જોખમમાં મુકાય તેવી સ્થિતિમાં હોવાથી વાલી દ્વારા જિલ્લા શિક્ષણ અધિકારીને લેખિતમાં રજૂઆત કરી સર્ટી અપાવવા માટે ન્યાયની માંગણી કરી હોવાનું જાણવા મળ્યું છે.

કોરોના સંક્રમણ દરમિયાન સરકાર દ્વારા રાજ્યમાં તમામ શાળાઓ કોલેજો ને બંધ કરાવવાની ફરજ પડી હતી. સરકારી પ્રાથમિક શાળાઓમાં તો શિક્ષકો દ્વારા ઓનલાઇન, ટેલિફોનિક કે સેરી શિક્ષણ દ્વારા બાળકોને ઘરે ઘરે શિક્ષણ આપવામાં આવ્યું હતું પરંતુ મોટી રાજકીય વગ ધરાવતા કેટલાક નેતાઓની ખાનગી શાળામાં અભ્યાસ કરતા બાળકોને કોઇ પણ પ્રકારનું શિક્ષણ આપવામાં આવ્યું ન હતું તેમ છતાં વાલીઓ પાસેથી તગડી ફી ઉઘરાવવામાં આવી હતી. તેવી જ લીમખેડા તાલુકામાં આવેલી જેતપુર (દુ) ગામની તીર્થ ઈન્ટરનેશનલ ખાનગી શાળામાં તો ઓનલાઈન ટેલિફોનિક કે શેરી શિક્ષણ જેવા કોઈ પણ પ્રકારના માધ્યમથી શિક્ષણ આપવામાં આવ્યું ન હોવા છતાં બાળકોના વાલીઓ પાસેથી ફી પેટે જંગી રકમ ઉઘરાવી હતી. તેવો આક્ષેપ વાલી દ્વારા કરવામાં આવ્યો છે. તીર્થ ઈન્ટરનેશનલ સ્કૂલમાં ગુજરાતી માધ્યમમાં ધોરણ ૬ માં અભ્યાસ કરતી પટેલ બંસરીબેન પંકજભાઈને મેરીટના ધોરણે જવાહર નવોદય વિદ્યાલયમાં પ્રવેશ મળ્યો હતો જેના કારણે લિવિંગ સર્ટિફિકેટની જરૂર પડતા પંકજભાઈ શાળાના સંચાલક પાસે ગયો હતો પરંતુ બંસરી બહેનની રૂપિયા ૨૨,૯૦૦ જેટલી બાકી પડતી ફી ભરી સર્ટી લઈ જવા માટે જણાવવામાં આવતા આર્થિક ભીંસમાં સપડાયેલા પંકજભાઈ પટેલ ચિંતામાં ગરકાવ થયો હતો અને બાળકીનું ભાવિ જોખમમાં મુકાય તેવી સ્થિતિમાં હોવાથી પંકજભાઈ પટેલ દ્વારા બાળકીનું સર્ટી મેળવવા માટે જિલ્લા શિક્ષણ અધિકારીને વિનંતી ભર્યો પત્ર લખ્યો હતો. કોરોના કાળ દરમિયાન આર્થિક ભીંસ અનુભવી રહેલા વાલીઓ પાસેથી ભરવાના નાણાંની સગવડ ન હોવાથી કેટલાય બાળકોનું ભાવી અંધકારમય બને તેમ લાગી રહ્યું છે. તેથી સરકાર દ્વારા આવી ખાનગી શાળાઓ સામે ફી માફ કરવામાં આવે તે દિશામાં કડક પગલું ભરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

## દાહોદમાં જીલ્લામાં ૯૭.૪૨ ટકા લોકોએ વેક્સિન લીધી



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

સમગ્ર વિશ્વમાં ૧૦૦ કરોડ કોરોના વેક્સિનનાં ડોઝ આપવાની સિમાચિહ્નરૂપ સિદ્ધી આપણા દેશ દ્વારા હાંસલ કરવામાં આવી છે ત્યારે દાહોદ જિલ્લાનું પણ આ ભગીરથ અભિયાનમાં યોગદાનની માહિતી જાણવી રસપ્રદ બની રહેશે. દાહોદ જિલ્લામાં પ્રથમ અને બીજા ડોઝની કુલ સંખ્યા જોઈએ તો ૨૦.૬૬ લાખથી વધુ લોકોને કોરોનાના ડોઝ આપવામાં આવ્યા છે. જયારે જિલ્લામાં ૯૭.૪૨ ટકા લોકોએ વેક્સિનનો પ્રથમ ડોઝ લીધો છે એટલે કે ૧૪,૯૮,૧૦૧ લોકોએ વેક્સિનનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે.

જિલ્લામાં કોરોના રસીકરણ અભિયાનમાં લોકોનો વ્યાપક જનસહયોગ સાંપડયો છે. ગ્રામ્ય અંતરિયાળ વિસ્તારના લોકોએ પણ વેક્સિન મૂકાવા માટે તત્પરતા દાખવી છે પરિણામે ૯૭ ટકાથી વધુ લોકોને વેક્સિન મળી ચૂકી છે. આ અભિયાનની સફળતાને પરિણામે જ છેલ્લા કેટલાંય અઠવાડિયાથી સાતત્યપૂર્વક જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ જોવા મળ્યો નથી. જિલ્લામાં વેક્સિનનો બીજો ડોઝ લેનારા નાગરિકોની સંખ્યા પણ મોટી છે. જિલ્લાના ૫,૬૮,૩૭૬ લોકોએ વેક્સિનનો બીજો ડોઝ લીધો છે. ટકાવારી પ્રમાણે જોઇએ તો બીજા ડોઝનો સમય થઇ ગયો હોય તેવા નાગરિકોમાંથી ૯૯.૦૧ ટકા લોકોએ વેક્સિનનો બીજો ડોઝ લીધો છે. આ આંકડા પરથી સમજાઇ છે કે તંત્ર દ્વારા દિવસ રાત કરવામાં આવેલી મહેનત સાર્થક થઇ છે અને તંત્ર લોકોમાં વેક્સિન અંગેની રહેલી ગેરમાન્યતાઓ દૂર કરવામાં સફળ થયું છે.

જિલ્લામાં મોટી સંખ્યામાં લોકો રોજગારી અર્થે બહારના જિલ્લાઓમાં જાય છે ત્યારે તંત્ર દ્વારા વેક્સિનમાં બાકી રહી ગયેલા લોકોને દિવાળીના તહેવારોમાં વતન પરત આવતા વેક્સિન આપવા માટે આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગામના સરપંચ, જિલ્લા તેમજ તાલુકા પંચાયતના સભ્યો તેમજ સ્થાનિક અગ્રણીઓની મદદ લેવાશે. ગામમાંથી રોજગારી અર્થે સ્થળાંતર કરનાર લોકોનો આશાબેન વર્કર દ્વારા સર્વે કરવામા આવી રહ્યો છે અને તેમણે રસી લીધી કે નહી એ બાબતે ફોનથી પૂછવામાં આવી રહ્યું છે. આગામી સપરમા તહેવારોમાં વતન પરત ફરતા શ્રમિકોને મોટા પાયે વેક્સિનેશનની તંત્ર દ્વારા તૈયારી કરવામાં આવી છે.

## દાહોદ પોલીસ તંત્ર દ્વારા જિલ્લા પોલીસ વડા હિતેશ જોયસરની આગેવાનીમાં વ્યાપક લોકશિક્ષણ ઝુંબેશ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ પોલીસ તંત્ર દ્વારા અન્ય વિભાગોને સંકલનમાં રાખીને જિલ્લામાં લોકશિક્ષણનું ભગીરથ કાર્ય ઝુંબેશ સ્વરૂપે શરૂ કરવામાં આવ્યું છે. જિલ્લામાં મહિલાઓના હકો અને કાનુની અધિકારો તેમજ અંધશ્રદ્ધા જેવી બાબતોને જડમૂળથી નાબુદ થાય એ માટે જિલ્લા પોલીસ વડા હિતેશ જોયસરના માર્ગદર્શનમાં પોલીસ તંત્ર દ્વારા ટૂંકી ફિલ્મો, નાટકો, વિશેષ શી-ટીમ તેમજ બાળકોથી લઇને મોટેરા સુધી સૌ કોઇ જાગૃત બને એ માટે ગ્રામ્ય સ્તરે કલસ્ટર બનાવીને વ્યાપક પ્રચાર કરવામાં આવી રહ્યો છે. પોલીસ તંત્ર દ્વારા લોકજાગૃતિ અભિયાનનું આ મહત કાર્ય અભિયાન સ્વરૂપે શરૂ કરવામાં આવ્યું છે. આ માટે અત્યાર સુધીમાં બે ટૂંકી ફિલ્મો તૈયાર કરવામાં આવી છે અને હજુ બીજી બે ફિલ્મો તૈયાર કરવામાં આવી રહી છે. મહિલાઓના હકો, બાળકોના અધિકારો તેમજ અંધશ્રદ્ધાનું ખંડન કરતી આ ટૂંકી ફિલ્મો વધુમાં વધુ લોકો સુધી પહોંચે એ માટેનું આયોજન કરવામાં આવ્યું છે.

ખાસ વાત તો એ છે કે, આ ટૂંકી ફિલ્મોમાં સુંદર અભિનય કરતા કલાકારો સ્થાનિક જ છે. એટલે કે દાહોદનાં જ છે. આ ફિલ્મોના ડિરેક્શનથી લઇને અભિનય તેમજ એડીટીંગ જેવી તમામ બાબતો દાહોદનાં જ સ્થાનિકો દ્વારા કરવામાં આવી છે. અહીંના જિલ્લા બાળ સેવા એકમનાં લીગલ એડવાઇઝર અબ્દુલ વસીમ કુરેશીના ડિરેક્શન તેમજ અભિનય સહિત અન્ય સ્થાનિક કલાકારો દ્વારા ઉત્કૃષ્ટ અભિનય થકી આ ટૂંકી ફિલ્મોની લોકોમાં ધારી અસર ઉપજી રહી છે. આગામી ટૂંકી ફિલ્મોમાં શાળાના બાળકોને પણ અભિનયની તક આપવામાં આવશે.

જિલ્લામાં મહિલાઓના સશક્તિકરણ માટેના આ અભિયાનમાં કલસ્ટર લેવલે વ્યાપક પ્રચાર પ્રસાર કરવામાં આવશે. શિક્ષણ વિભાગ સાથે સંકલન કરીને શાળાઓમાં પ્રાર્થના સમયે વિદ્યાર્થીઓને દર્શાવવામાં આવશે. આ ઉપરાંત પોલીસ વિભાગ દ્વારા શી-ટીમ તૈયાર કરવામાં આવી છે. જે શાળાએ શાળાએ જઇને મહિલાઓના શોષણ, અધિકારો-હકો વિશે વિદ્યાર્થીઓને શિક્ષિત કરશે. જેથી ભાવિ પેઢી બાળપણથી જ આ વિશે જાગૃત બને. જિલ્લાના ૧૮ પોલીસ સ્ટેશનો દ્વારા મોટા પાયે શાળાઓની મુલાકાત લેવામાં આવશે અને વિદ્યાર્થીઓને શિક્ષિત કરાશે.

લોકશિક્ષણના આ કાર્યને જનજન સુધી પહોંચાડવા માટે વિવિધ વિભાગોના સંકલનમાં જિલ્લા વિકાસ અધિકારી તેજસ પરમાર અને જિલ્લા પોલીસ વડા હિતેશ જોયસરની ઉપસ્થિતિમાં એક બેઠક યોજાઇ હતી. જેમાં શિક્ષણ વિભાગ તેમજ અન્ય વિભાગના સંકલનમાં આ ઝુંબેશને જનજન સુધી પહોંચાડવા માટેનું આયોજન કરવામાં આવ્યું હતું.

## દાહોદ જિલ્લાના તમામ તાલુકાઓમાં સેવાસેતુના સાતમા તબક્કાનો પ્રારંભ



દાહોદ,

રાજ્યભરમાં તા. ૨૨ ઓક્ટોબરથી આગામી તા. ૫ જાન્યુઆરી સુધી ૩૩ જિલ્લાના ૨૫૧ તાલુકાઓમાં યોજાનારા સાતમા સેવાસેતુ કાર્યક્રમના સાતમા તબક્કાનો દાહોદ જિલ્લાના પણ તમામ તાલુકાઓમાં નગરપાલિકાઓ સહિત પ્રારંભ કરવામાં આવ્યો છે.

રાજ્ય સરકારની પ્રજાલક્ષી યોજનાઓનો લાભ પ્રજાને સમયસર મળે તેમજ તેમની વ્યક્તિલક્ષી રજૂઆતોનો સ્થળ પર જ ઉકેલ લાવવા સરકારની પ૬ જેટલી વિવિધ યોજનાઓનો નાગરિકોને સીધો લાભ આપવામાં આવશે. આ માટે ગ્રામ્ય કક્ષાએ ૬ થી ૮ ગામના કલસ્ટર બનાવીને આગામી તા. ૫ જાન્યુઆરી સુધી કાર્યક્રમો યોજવામાં આવશે. ગ્રામ્ય વિસ્તાર સહિત નગરપાલિકા વિસ્તારમાં પણ નાગરિકોની રજૂઆતોનો સ્થળ પર જ નિકાલ લાવવા માટે નગરપાલિકા કક્ષાએ પણ બે સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વસ્તી પ્રમાણે ૩ કે ૪ વોર્ડના કલસ્ટર બનાવીને આગામી તા. ૫ જાન્યુઆરી સુધીમાં તમામ નાગરિકોને આવરી લેવાનું આયોજન કરવામાં આવ્યું છે. આજે સેવાસેતુના પ્રથમ દિવસે નવે તાલુકાઓમાં કાર્યક્રમ યોજાયો હતો. જેમાં દાહોદની નીમનળીયા પ્રાથમિક શાળા ખાતે, ઝાલોદની ગરાડુ પ્રાથમિક શાળા ખાતે, સંજેલીની વાંસીયા પ્રાથમિક શાળા ખાતે, ફતેપુરાની ડુંગર પ્રાથમિક શાળા ખાતે, દેવગઢ બારીયાની રૂવાબારી પ્રાથમિક શાળા ખાતે, લીમખેડાની અગારા પ્રાથમિક શાળા ખાતે, ધાનપુરની ઉંડાર પ્રાથમિક શાળા ખાતે, સીંગવડની સાકરીયા પ્રાથમિક શાળા તેમજ ગરબાડાની પાટીયાઝોલ પ્રાથમિક શાળા ખાતે જિલ્લા પંચાયત સભ્ય, તાલુકા પંચાયત પ્રમુખ અને ઉપપ્રમુખની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

## દાહોદ ઝાયડસ હોસ્પિટલમાં વૃધ્ધના થાપાનું જટીલ ઓપરેશન પાર પાડયું

દાહોદ,

દાહોદ શહેરની ઝાયડસ હોસ્પિટલ હરહંમેશ તમામ દર્દીઓ માટે આર્શીવાદ રૂપ સાબીત થઈ છે. ત્યારે વધુ એક દર્દીને દાહોદની ઝાયડસ હોસ્પિટલથી ખુબજ રાહત મળી છે. એક ૭૭ વર્ષીય વૃધ્ધ મહિલાને છેલ્લા ત્રણ માસથી ડાબા પગના થાબામાં અસહ્ય દુઃખાવો તેમજ પીડા થતી હતી. આ વૃધ્ધાનો ડાબો પગ ઘસાઈ જવાને કારણે ટુંકો પણ થઈ ગયો હતો. ત્યારે આ વૃધ્ધા દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે પહોંચતાં તેમને હોસ્પિટલના તજજ્ઞો તબીબો દ્વારા સફળ ઓપરેશન કરી થાપાનું ટોટલ હીપ રીપ્લેશમેન્ટ ઓપરેશનને સફળ પાર પાડી વૃધ્ધાના પગને સાજો કરી દેતાં પરિવારજનોમાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી અને હોસ્પિટલમાંથી રજા લેતા ઝાયડસના તબીબો અને સ્ટાફ મીત્રોની ખુબજ આભાર માન્યો હતો.

છોટાઉદેપુર જિલ્લાના કવાંટ ખાતે રહેતાં ૭૭ મહિલાને છેલ્લા ઘણા મહિનાઓથી જાબા પગના થાપાના ભાગે અસહ્ય દુઃખાવો થતો હતો. મહિલાને આ દુઃખાવાને કારણે હરવા, ફરવામાં પણ તકલીફ થતી હતી. થાપાના ભાગે ઘસારો થતાં મહિલાનો પગ ટુંકો થઈ ગયો હતો. છેલ્લા ત્રણ મહિનાથી આ વૃધ્ધા પથારી વસ હતાં. વૃધ્ધાને લઈ પરિવારજનો અનેક હોસ્પિટલો ખાતે ફર્યા હતાં પરંતુ કોઈ ચોક્કસ નિદાન ન થતાં આખરે આ વૃધ્ધાને દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યાં હતાં જ્યાં તારીખ ૧૫મી ઓક્ટોમ્બરના રોજ વૃધ્ધા દાખલ થઈ હતી. આ દિવસથીજ મહિલાના તમામ રિપોર્ટો અને સારવારની હોસ્પિટલના તબીબો દ્વારા શરૂ કરી દેવામાં આવી હતી અને બીજાજ દિવસે મહિલાના આ થાપાનું ઓપરેશન શરૂ દેવામાં આવ્યું હતું. તબીબો દ્વારા મહિલાના થાપાનું ટોટલ હીપ રીપ્લેશમેન્ટ કરી સફળ ઓપરેશન પાર પાડ્યું હતું. આ ઓપરેશન ઓર્થો. સર્જન ર્ડા. નીલય પવનકુમાર, એનેસ્ટીટસ ર્ડા. જયેશ વાઘેલા અને તેમની ટીમે સફળતા પુર્વક પાર પાડ્યું હતું. જાણવા મળ્યાં અનુસાર, આ ઓપરેશન પાછળ અંદાજે બે થી અઢી લાખનો ખર્ચ થતો હોય છે પરંતુ પ્રધાનમંત્રી જય યોજના હેઠળ આ ઓપરેશન દાહોદની હોસ્પિટલ ખાતે નિઃશુલ્ક કરી આપવામાં આવ્યું હતું. હાલ આ વૃધ્ધા સંપુર્ણ સ્વસ્થ્ય અને હરીફરી શકે છે. તબીયત સંપુર્ણ સુધારા પર છે. આજે વૃધ્ધાને હોસ્પિટલમાંથી રજા આપતાં વૃધ્ધા સહિત તેમના પરિવારજનોએ હોસ્પિટલના તબીબો તેમજ સ્ટાફ મિત્રોનો ખુબ આભાર માની રજા લીધી હતી.

## દે.બારીયાના દુધીયા ગામે ત્રણ ઈસમો જીવન જયોત વિમા યોજનાના નામે છેતરપિંડી કરતાં ઈસમો સામે ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના દુધીયા ગામે ત્રણ જેટલા ઈસમોએ એકબીજાના મેળાપીપણામાં ઓગોતરૂં કાવતરૂં રચી ગામમાં રહેતાં લોકોને સરકારની પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના અંગે ખોટી સમજ આપી લોકોને વિશ્વાસમાં લઈ કુલ ૧૦ સભ્યો પાસેથી રૂા. ૩૩,૦૦ ઉઘરાવી લઈ છેતરપીંડી કરતાં પોલીસમાં ફરિયાદ નોંધાવવા પામી છે.,

મનીષભાઈ જવાનભાઈ ઠાકોર (રહે. ઓથવાડ, ટેકરી ફળિયા, તા. બાલાશીનોર, જિ.મહીસાગર), વિજયસિંહ સુરેશભાઈ ઠાકોર (રહે. કંબોપા, ડોસલીયા ફળિયા, તા. બાલાસીનોર, જી. મહીસાગર) અને મહેશભાઈ હિરાભાઈ ઠાકોર (રહે. કસલાલ, બેડી ફળિયા, તા. લુણાવાડા, જિ. મહીસાગર) આ ત્રણેય જણાએ એકબીજાના મેળાપીપણામાં આગોતરૂં કાવતરૂં રચી દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના દુધીયા ગામે નદી ફળિયામાં લોકો પાસે ગયાં હતાં અને ત્યાં જઈ સરકારની પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના અંગે ગ્રામજનોને ખોટી સમજ આપી વિશ્વાસમાં લઈ પોતાના ફાયદા માટે કુલ ૧૦ સભ્યો પાસેથી કુલ રૂા. ૩૩,૦૦ની ઉઘરાણી કરી છેતરપીંડી કરી વિશ્વાસઘાત કરતાં આ સંબંધે દુધિયા ગામે નદી ફળિયામાં રહેતાં કેશરસિંહ મનાભાઈ નાયકે સાગટાળા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## લીમખેડા તાલુકામાં બે અકસ્માતના બનાવોમાં બે વ્યકિતના મોત

લીમખેડા,

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકામાં વાહન ચાલકોની ગફલતના કારણે સર્જાયેલ માર્ગ અકસ્માતના બે બનાવોમાં બે જણાના મોતને પગલે પરિવારજનોમાં માતમ છવાઈ ગયો હતો. બંન્ને બનાવોને પગલે જે તે પોલીસ મથકે ફરિયાદ નોંધાયાનું જાણવા મળે છે.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ લીમખેડા તાલુકાના વલુન્ડી ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૨૦મી ઓક્ટોમ્બરના રોજ એક ટ્રકના ચાલકે પોતાના કબજાની ટ્રક પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી પસાર થઈ રહ્યો હતો. આ દરમ્યાન ટ્રકની વધુ પડતી ઝડપને કારણે ટ્રક પરના સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી બેસતાં ટ્રક હાઈવેની રેલીંગ તોડી ખાડામાં ટ્રક ઉતારી દેતાં અંદર સવાર મુકેશભાઈ રસલાભાઈડામોર (રહે. કાળીમહુડી, જગા ફળિયું, તા.ઝાલોદ, જિ.દાહોદ)ને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેમનું ઘટના સ્થળ પર મોત નીપજ્યું હતું. આ સંબંધે કાળી મહુડી ગામે જગા ફળિયામાં રહેતાં વરસીંગભાઈ નારજીભાઈ ડામોરે લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ લીમખેડા તાલુકાના પાલ્લી ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૨૧મી ઓક્ટોમ્બરના રોજ એક ફોર વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ફોર વ્હીલર ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી ત્યાંથી પસાર થઈ રહેલ મોટરસાઈકલના ચાલક જવેરસીંગ સદીયાભાઈ પટેલ (રહે. પાણીયા, ફેકટરી ફળિયા, તા. લીમખેડા, જિ.દાહાદ) ને અડફેટમાં લેતાં જવેરસીંગભાઈ મોટરસાઈકલ સાથે જમીન પર ફંગોળાયાં હતાં અને જેને પગલે તેઓને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં જ્યા સારવાર દરમ્યાન જવેરભાઈનું મોત નીપજતાં આ સંબંધે પાણીયા ગામે ફેક્ટરી ફળિયામાં રહેતાં પર્વતભાઈ સદીયાભાઈ પટેલે લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદની વિવિધ ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં ટૂંકાગાળાના કોર્ષમાં યુવાનો પ્રવેશ મેળવી શકશે

દાહોદ,

ઔદ્યોગિક તાલીમ સંસ્થા અને તાબા હેઠળની અન્ય સંસ્થાઓમાં ટૂંકાગાળાના કોર્ષમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જિલ્લાના યુવાનો ૩૦૦ થી ૪૦૦ કલાકના આ કોર્ષમાં પ્રવેશ મેળવી વિવિધ કૌશલ્ય પ્રાપ્ત કરી શકે છે. દાહોદની ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે કોર્મશીયલ વ્હીકલ ડ્રાઈવર, સીસીટીવી ઈન્સ્ટોલેશન ટેશનીશીયન, મોબાઈલ ફોન હાર્ડવેર રીપેર ટેકનીશીયન, ફીલ્ડ ટેકનીશીયન- કોમ્પ્યુટર અને પેરીફરલ્સ, ફીલ્ડ ટેકનીશયન-અધર હોમ એપ્લાયન્સીસ, સર્વિસ ટેકનીશીયન - હોમ એપ્લાયન્સીસ, મહિલા આઈટીઆઈ ખાતે આસીસ્ટન્ટ મેસન, ઈલેક્ટ્રીશીયન ડોમેસ્ટીક સોલ્યુશન, જેસાવાડા ખાતેના આઇટીઆઈમાં આસીસ્ટન્ટ યોગા ઈન્સ્ટક્ટર, ઝાલોદ ખાતેના આઇટીઆઈમાં આસીસ્ટન્ટ મેસન, ઈલેક્ટ્રીશીયન ડોમેસ્ટીક સોલ્યુશન, સ્પાઇસ પ્રોસેસિંગ ટેક્નીશીયનના કોર્ષ શરૂ કરવામાં આવ્યા છે. જેમાં પ્રવેશ મેળવવા માંગતા યુવાનોએ ઓનલાઈન ફોર્મ ભરવા માટે જરૂરી પ્રમાણપત્રો સાથે જાહેર રજાના દિવસ સિવાય સંસ્થાનો સવારના ૧૧ થી ૪ વાગ્યા દરમિયાન તાલીમ શાખાનો સંપર્ક કરવાનો રહેશે એમ ઔદ્યોગિક તાલીમ સંસ્થાના આચાર્યએ એક યાદીમાં જણાવ્યું છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.53

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## મોરવા હડફ ખાતે PMJAY-MA કાર્ડ અને મેગા હેલ્થ કેમ્પ

# આરોગ્ય રાજ્યમંત્રી નિમિષાબેન સુથારનાં અધ્યક્ષસ્થાને કાર્યક્રમ યોજાયો

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં PMJAY-MA કાર્ડ અને મેગા હેલ્થ કેમ્પની શ્રેણીને આગળ ધપાવતા આજે મોરવા હડફ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્યમંત્રી નિમિષાબેન સુથારના અધ્યક્ષસ્થાને કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ અને હેલ્થ કેમ્પનું ઉદઘાટન કરતા આરોગ્યમંત્રીએ જણાવ્યું હતું કે દરેક જિલ્લા અને તાલુકા મથકોએ આપ કે દ્વાર આયુષ્માન અંતર્ગત પીએમજેએવાય-મા કાર્ડ અને મેગા હેલ્થ કેમ્પો યોજીને ૩૧મી ઓક્ટોબર સુધી ૨ કરોડથી વધુ વ્યક્તિગત કાર્ડ ઈશ્યુ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. પૈસાના અભાવે ખાનગી કે એડવાન્સ સારવાર ન મેળવી શકતા નાગરિકોના લાભાર્થે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે અમલી બનાવેલ મા યોજનાને આગળ વધારતા જરૂરતમંદ એવા તમામ લોકોને આવરી લેવાનાં ઉદેશ્ય સાથે કામગીરી કરવામાં આવી રહી છે અને આ યોજના લાભાર્થીઓને અનુકૂળ બનાવવા અને મહત્તમ લોકોને આવરી લેવા સરકારે પરિવારના બદલે વ્યક્તિદીઠ મા કાર્ડ આપવા, તબીબી સહિતના કારણોસર થમ્બ ઈમ્પ્રેશન અને આઈરિસ સ્કેનિંગ શક્ય ન હોય તેવા કિસ્સાઓમાં ઓટીપીનાં આધારે લાભ આપવા, આવકનો દાખલો ત્રણ વર્ષ સુધી માન્ય ગણવા સહિતનાં જનહિતકારી પગલા સરકારે લીધા છે. આ ઉપરાંત આ કાર્ડ ધારકોને હોસ્પિટલમાં અગ્રીમતાના ધોરણે સારવાર મળી રહે તે માટે ગ્રીન




કોરિડોરની વ્યવસ્થા ઉભી કરવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે અને ૮૦ લાખથી વધુ પરિવારો આ યોજના હેઠળ વર્લ્ડ ક્લાસ મેડિકલ ફેસિલીટી મેળવશે તેમ મંત્રીએ ઉમેર્યુ હતું. સમયસર ટેસ્ટ ન કરાવવાને પગલે સ્ત્રીઓમાં સર્વાઈકલ કેન્સર અને બ્રેસ્ટ કેન્સર સમય રહેતા ડિટેક્ટ થતા નથી અને ઘણા મહામૂલા જીવન આ સામાન્ય તકેદારી ન રાખવાનાં પગલે ગુમાવવા પડે છે ત્યારે આજે હેલ્થ કેમ્પમાં સ્તન કેન્સરની ચકાસણી કરવાના મેમોગ્રાફી અને સર્વાઈકલ કેન્સર માટેના પેપ સ્મીયર ટેસ્ટ વિનામૂલ્યે કરવાની સુવિધા સંજીવની રથના માધ્યમથી કરવામાં આવી છે તેનો સ્થાનિક બહેનો મહત્તમ માત્રામાં તેનો લાભ લે તેવી આગ્રહભરી વિનંતી તેમણે સ્ટેજ પરથી કરી હતી.

મોરવા હડફ વિસ્તારમાં આરોગ્ય સુવિધાઓ વધારવાના આયોજન અંગે વાત કરતા મંત્રીએ જણાવ્યું હતું કે કિડની ફેઈલ્યોર સહિતના કારણોસર ડાયાલિસીસ કરાવવાની જરૂર પડતી હોય તેવા દર્દીઓનાં લાભાર્થે ટૂંક સમયમાં મોરવા હડફ અને ત્યારબાદ મોરા સીએચસી ખાતે પણ ડાયાલિસીસની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. ગોધરા ખાતે મેડિકલ કોલેજ શરૂ કરવાની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરાઈ છે તેમ જણાવતા મેડિકલ કોલેજ શરૂ થતા આ વિસ્તારના નાગરિકોને તબીબી સારવાર ક્ષેત્રે વધુ સારી સેવાઓ મળશે તેમ ઉમેર્યુ હતું.

દેશે ૨૭૮ દિવસનાં ટૂંકાગાળામાં કોરોના પ્રતિરોધક રસીના ૧૦૦ કરોડથી વધુ ડોઝ આપવાની મેળવેલ સિદ્ધિ અંગે હર્ષ વ્યકત કરતા તેમણે કોરોનાની સારવાર અને રસીકરણ માટે અથાક મહેનત કરતા આરોગ્ય કર્મચારીઓને, સિવિલ હોસ્પિટલ-આરોગ્ય કેન્દ્રનાં તબીબો-નર્સો તેમજ સ્ટાફને બિરદાવ્યા હતાં તેમજ કોઈને પણ વેક્સિનના બે પૈકી જે પણ ડોઝ લેવાનાં બાકી હોય તે સમયસર લઈ લેવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમમાં મંત્રીએ કોરોના કાળમાં ઉત્તમ કામગીરી બજાવનારા કોરોના વોરિયર્સને સન્માનપત્રો, લાભાર્થીઓને પીએમજેએવાય-મા કાર્ડ, નિક્ષય પોષણ સહાય યોજનાના લાભાર્થીઓને રોકડ સહાયના ચેક, વિકલાંગતાના પ્રમાણપત્રો, વોકર-વ્હીલચેર, ન્યુબોર્ન બેબી કીટનું વિતરણ પણ કર્યું હતું.

જિલ્લા પંચાયત પ્રમુખ કામિનીબેન સોલંકી અને બાંધકામ સમિતીના ચેરમેન વિક્રમસિંહ ડિંડોળે પ્રાસંગિક પ્રવચન કર્યા હતા. જિલ્લા વિકાસ અધિકારી અર્જુનસિંહ બી. રાઠોડે સ્વાગત પ્રવચન અને ડો. પ્રદિપ ભુરિયાએ આભારવિધિ કરી હતી. કાર્યક્રમ બાદ મોરવા હડફ સીએચસીના સ્ટાફ અને સારવાર માટે આવેલા દર્દીઓ સાથે સંવાદ કરી તેમની સમસ્યાઓ, જરૂરિયાતોને સાંભળ્યા હતા તેમજ વધુ બહેતર સેવાઓ ઉપલબ્ધ કરાવવા અંગે વરિષ્ઠ અધિકારીઓ સાથે ચર્ચા-પરામર્શ કર્યા હતા.

કાર્યક્રમમાં મોરવા હડફ તાલુકા પંચાયત પ્રમુખ ધર્મિષ્ઠાબેન માલીવાડ, ધવલભાઈ દેસાઈ સહિતના અગ્રણી આગેવાનો-પદાધિકારીઓ તેમજ પ્રાંત અધિકારી જે.કે. બારોટ, ડાયરેક્ટર પીએમજેએવાય- ડો. કાપડિયા, સીડીએચઓ ડો. મિનાક્ષીબેન ચૌહાણ, ડો. એમ.પીસાગર, આરસીએચ ડો.પી.કે.વાસ્તવ, ડો. બી.કે. પટેલ, ટીએચઓ ડો. સતીષ પવાર, મોરવા હડફ સીએચસીનો સ્ટાફ તેમજ લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કાલોલ તાલુકાની ગોમા નદી રેતી ખનન માટે ખનિજ માફિયાઓને મોકળું મેદાન


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

## કાલોલ ગોમાનદીના ખનીજ માફિયા બન્યા બેફામ : ખનીજ માફિયાઓ પર આશીર્વાદ કોના ?

કાલોલ નગર પાસેથી પસાર થતી ગોમાનદીમાં બેફામ રેતીની ચોરી કરી ખનીજ માફિયાઓ ની લીલા સામે સ્થાનિક તંત્ર અને ખનીજ વિભાગના આંખ આડા કાન કેમ ? ગોમાં નદીમાંથી રોજિંદા હજારો ટન રેતીની ચોરી સરકારની તિજોરીઓની અનમોલ આવકને ખુલ્લેઆમ લૂંટી રહ્યા છે. પરંતુ સ્થાનિક અને જિલ્લા વહીવટ તંત્ર આંખ મીંચોલીના ખેલ ખેલી રહ્યાં છે કે કેમ ? કે પછી ખનીજ માફિયાઓની લીલા પર તંત્રના આશીર્વાદ ફળી રહ્યાં છે ? કાલોલ ગોમાં નદીમાં જાણે કીડીયારૂં ઉભરાઈ રહ્યાં હોય તેમ ખનીજ માફિયાઓનો વિકાસ થઈ રહ્યાં છે. જેની સામે સરકારી બાબુઓ પણ રેતી ચોરી કરતાં ખનીજ માફિયા સામે લાચાર બની ફોન પણ રિસીવ કરવા તૈયાર નથી હોતા નથી. ગોમાં નદીમાંથી રેતી ચોરી કરી નદીના પટને ખડાઓ કરી ગોજારિયા નદી બનાવી દેવામાં આવી છે. નદીમાં ઉગતા બાવળના વૃક્ષઓનું છેદન કરી સગેવગે કરી દેવામાં આવતા હોય છે.

કાલોલ,

કાલોલ નગર પાસેથી પસાર થતી ગોમા નદીમાં બેફામ રેતીની ચોરી કરતા ખનિજ માફિયાઓ સામે સ્થાનિક તંત્ર અને ખનિજ વિભાગની રહેમ નજર સાથે આંખ આડા કાન કરીને ખનિજ માફિયાઓને છુટોદોર આપ્યો હોય તેમ લાગી રહ્યું છે.

કાલોલ તાલુકા માંથી પસાર થતી ગોમા નદી માંથી ખનિજ માફિયાઓ દ્વારા બેફામ રેતીનું ખનન છતાં પણ સ્થાનિક તંત્ર અને ખાણ-ખનિજ વિભાગ અંધારામાં હોય તેવો દેખાવ કરીને આંખ આડા કાન કરવામાં આવી રહ્યો હોય તેવું જણાઈ આવે છે. ગોમા નદી માંથી રોજીંદી હજાર ટન રેતીની ચોરીને લઈ સરકારી તીજોરીને લાખો કરોડો રૂપીયાનું નુકશાન થઈ રહ્યું છે. સ્થાનિક તંત્ર અને ખાણ-ખનિજ વિભાગ જાણે ખનિજ માફિયાઓને છુપો આર્શીવાદ હોવાને લઈ બેફામ બનીને સરકારી તંત્રનો ડોર રહ્યો નથી. હાલમાં ગોમા નદીમાં રેતી ખનન માટે હજાર વાહનો ખનિજ માફિયાઓ લગાવીને ખનન કરાઈ રહ્યું છે. જેને લઈ સરકારી તિજોરીને ભારે નુકશાન થઈ રહ્યું છે. ગોમા નદીમાં થતાં રેતી ખનન માટે કોઈ જાગૃત નાગિરક ખાણ-ખનિજ વિભાગમાં ફોન દ્વારા રજુઆત કરવા ઈચ્છતા હોય ત્યારે ખાણ-ખનિજ વિભાગના અધિકારીઓ ફોન રીસીવ કરતા નથી. તેના ઉપર થી લાગી રહ્યું છે કે, ગોમા નદીમાં રેતી ખનન માફિયાઓ સામે તંત્ર પણ લાચારી અનુભવી હોય તેવી લોકોમાં ચર્ચાઈ રહ્યું છે.

## ગોધરા તાલુકા પંચાયત ICDSના રોજમદાર પટાવાળાને

# સરકારના ૧૭/૧૦/૮૮ ના પરિપત્ર મુજબ લાભો આપવા ઔદ્યોગિક ન્યાયપંચનો આદેશ

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં ગોધરા ખાતે આવેલ નિયામક, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના તાબા હેઠળ ચાલતી તાલુકા વિકાસ અધિકારી તાલુકા પંચાયત કચેરી (આઈ.આર.ડી.શાખા) ગોધરામાં ફેબ્રુઆરી -૧૯૮૫ થી રોજમદાર પટાવાળા તરીકે ફરજ બજાવતા રામસિંહ આર.પટેલ જેઓને સરકારના તા .૧૭-૧૦-૮૮ ના પરીપત્રના લાભોથી વંચિત રાખતા અરજદારે ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ એ.એસ.ભોઈ મારફતે લાગતા વળગતા અધિકારીઓને રીપ્રેઝન્ટેશન પાઠવેલ. પરંતુ તે બાબતે યોગ્ય પ્રત્યુતર ન મળતા આ વિવાદ નામદાર ઔદ્યોગિક ન્યાયપંચ વડોદરાને સુપ્રત કરવામાં આવેલ. જે કેસમાં અરજદાર તરફે ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશને તા . ૧૭-૧૦-૮૮ ના પરીપત્ર મુજબના લાભો મેળવવા માંગણી કરતો વિવાદ ઉપસ્થિત કરેલ. જે માંગણાનો નિયામક, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી ગોધરા તથા તાલુકા વિકાસ અધિકારી તાલુકા પંચાયત (આઈ.આર.ડી.શાખા) દ્વારા ઔદ્યોગિક અદાલત સમક્ષ જવાબ રજુ કરેલ. જે કેસની કાનૂની કાર્યવાહી હાથ ધરાતા ફેડરેશન દ્વારા અરજદાર તરફે રોજમદાર આર.આર. પટેલે કે જેઓએ ફુલ ટાઈમ નોકરી કરી હોવાના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ અને તેમની સમકક્ષ નોકરી કરતા અન્ય રોજમદારોને તા. ૧૭-૧૦-૮૮ નાં પરીપત્ર મુજબના લાભ આપવામાં આવતો હોય તો આ અરજદારને તે લાભથી વંચિત રાખી શકાય નહીં તે બાબતે શ્રી એ.એસ. ભોઈએ ઔદ્યોગિક ન્યાયપંચ સમક્ષ કેટલાક પરીપત્રો તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટના જજમેન્ટો રજુ કરી તે વિવાદને પુરવાર કરવા ધારદાર દલીલો કરેલ. આમ બંને પક્ષકારોની દલીલો સાંભળી ઔદ્યોગિક ન્યાયપંચ વડોદરા કોર્ટ નં.૧ પ્રિસાઈડીંગ ઓફીસર રીઝીયા સલીમખાન પઠાણ અરજદાર તરફે ફેડરેશને માંગેલ દાદ ગ્રાહ્ય રાખતો આદેશ ફરમાવેલ. આદેશમાં જણાવ્યા મુજબ શ્રમયોગી રામસિંહ આર. પટેલને તા . ૧૭-૧૦-૮૮ ના પરીપત્ર મુજબના તમામે તમામ નિયત કરેલ નિયમ મુજબ ચુકવી આપવા અને તફાવતની રકમ પણ ચુકવી આપવાનો આખરી આદેશ કરેલ. જે આદેશથી જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીઓમાં નોકરી કરતા કામદારોમાં આનંદની લાગણી પ્રર્વતી છે.

# ગોધરા SRP ગૃપ-૫ ખાતે શહીદ સંભારણા કાર્યક્રમ અંતર્ગત રકતદાન શિબિરનું આયોજન કર્યું


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,

કોવીડ-૧૯ કોરોનાની મહામારીના અનલોક ના સમય દરમિયાન ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી, પંચમહાલ, ગોધરાના પ્રમુખ અને જિલ્લા કલેકટર સુજલ જે. મયાત્રા, ઉપપ્રમુખ અને પ્રાંત અધિકારી ગોધરા નિલાંજશા રાજપુતના માર્ગદર્શન હેઠળ તથા ચેરમેન ડો. કે.વી.પંચાલ, વાઈસ ચેરમેન કે.ટી.પરીખ અને ટ્રેઝરર આનંદ ઘડિયાળી, માનદમંત્રી કિશોરીલાલ ભાયાણી, મેડિકલ ઓફિસર ડો.આર કે ચૌહાણના આયોજન મુજબ આજરોજ તારીખ ૨૨-૧૦-૨૦૨૧ શુક્રવારે SRP Group 5 ના સેનાપતિ નરેશ એમ. કણઝરીયા દવારા શહીદ સંભારણા કાર્યક્રમ અંતર્ગત SRP Group 5 ના વેલફેર હોલ ખાતે મહા રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સેનાપતિ નરેશ કણઝરીયા DSP, ડી.જે.ચૌધરી DySP, સી. એ. પટેલ DySP, તથા PI આર.કે.પરમાર, એ.આર ખાંટ તથા PSI એમ.એમ.ગરાસીયા આ તમામ અધિકારીઓએ સૌથી પહેલા પોતે રક્તદાન કરીને પોલીસ જવાનોમાં માનવસેવાનો દાખલો બેસાડેલ હતો અને સમાજને પણ રક્ષા સાથે માનવ જીવ બચાવવાની ઉત્તમ કામગીરી કરી બતાવી હતી. આ શિબિરમા રેડ ક્રોસના ટ્રેઝરર આંનદ ઘડીયાળી હાજર રહી પોલીસ જવાનોની રક્તદાન ની પ્રવૃત્તિ ની સરાહના કરી હતી. કોરોના મહામારીના વિકટ સમયમાં અને વેકસીનેશન પછી નો લાંબો સમયગાળો જેવા અનેક કારણોએ રક્તદાતાઓની અછત વર્તાઈ રહી છે. તેવા સંકટ સમયમાં રક્તની જરૂરિયાતવાળા દર્દીઓને સમયસર રકત મળી રહે તેવા શુભાશયથી રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવેલ અને આ કેમ્પમાં કુલ ૮૫ યુનિટ રક્તદાન કરવામાં આવેલ હતું. તે બદલ તમામ રકતદાતાઓને પ્રોત્સાહિત કરી અંતઃકરણ પૂર્વક આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

# શહેરાના ધાંધલપુર ગામે નવિન સ્વામિનારાયણ મંદિર ખાતે મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

શહેરા,

શહેરાના ધાંધલપુર ગામ ખાતે સવા કરોડ રૂપિયાના ખર્ચે નવીન બનેલ સ્વામિનારાયણ ભગવાનના મંદિરની મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવની ભવ્ય ઉજવણી કરાઇ હતી. સ્વામિનારાયણ ગાદીના પ્રર્વતમાન આચાર્ય જીતેન્દ્ર પ્રિયદાસજી સ્વામી મહારાજની વિશેષ ઉપસ્થિતિમાં વ્યસનમુક્તિ રેલી અને વિશ્વ શાંતિ યજ્ઞ સાથે અનેક ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા તાલુકાના ધાંધલપુર ગામ ખાતે સ્વામિનારાયણ ગાદી સંસ્થાનનુ સ્વામિનારાયણ ભગવાનનું નવીન મંદિરનું કામ પાછલા એક વર્ષ ઉપરાંતથી ચાલી રહ્યું હતું. સવા કરોડ રૂપિયાના ખર્ચે નવીન બનેલ સ્વામિનારાયણ ભગવાનના મંદિરની મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવની શુક્રવારના રોજ ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. સ્વામિનારાયણ ગાદીના પ્રર્વતમાન આચાર્ય જીતેન્દ્ર પ્રિયદાસજી સ્વામી મહારાજની વિશેષ ઉપસ્થિતિમાં નાંદરવા ખાતેથી વ્યસન મુક્તિના જન જાગૃતિ સાથેની રેલીમાં મોટી સંખ્યામાં સંતો તેમજ સત્સંગીઓ જોડાયા હતા. મંદિર ખાતે વિશ્વપ્રસિદ્ધ લંડન, બોલ્ટન, આફ્રિકા અને ભારતનું સ્કોટિશ પાઈપ બેન્ડની ધૂન સાથે સ્વામિનારાયણ ગાદીના પ્રર્વતમાન આચાર્ય જીતેન્દ્ર પ્રિયદાસજી સ્વામી મહારાજની અધ્યક્ષતામાં પંચમહાલનું પ્રથમ શિખરબંધ નવીન મંદિરમાં સ્વામિનારાયણ ભગવાન, ઘનશ્યામ મહારાજ, જીવનપ્રાણ અબજીબાપાશ્રી તેમજ શ્રી મુક્તજીવન સ્વામી બાપાની સંગે મરમરની મૂર્તિની પ્રતિષ્ઠા કરવા સાથે વિશ્વ શાંતિ યજ્ઞ પણ કરવામાં આવ્યો હતો. નવિન બનેલ સ્વામિનારાયણ ભગવાનના મંદિરની મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ની ઉજવણી ધામધૂમપૂર્વક કરાઈ હતી.આ ધાર્મિક પ્રસંગે સ્થાનિક જિલ્લા સહિત અન્ય જિલ્લામાંથી સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો તેમજ સત્સંગીઓ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવમા આવ્યા હતા. મંદિર ખાતે સ્વામિનારાયણ ભગવાનના ધૂન થી વાતાવરણ ભક્તિમય બની ગયું હતુ.

## શહેરાના ખાંડીયા ગામે સાકરવા કોતરની ચેકડેમમાં પડી ગયેલ ૨૩ વર્ષીય યુવાનનું ડુબી જતાં મોત

શહેરા,

શહેરા તાલુકાના ખાંડીયા ગામે સાકરવા કોતર ઉપર બનાવેલ ચેકડેમમાં અગમ્યકારણોસર પડી ગયેલ ૨૩ વર્ષીય યુવાનનું ડુબી જવાથી મોત નિપજ્યું.

વિસ્તૃત વિગતો પ્રમાણે શહેરા તાલુકાના ખાંડીયા ગામે રોડ ફળીયામાં રહેતા જશવંતસિંહ નર્વતસિંહ પટેલ ઉ.વ.૨૩ ગામના સાકરવા કોતર ઉપર બનાવેલ ચેકડેમમાં અગમ્યકારણોસર પડી ગયેલ હોય અને ચેકડેમના પાણીમાં ડુબી જતાં મોત નિપજાવા પામ્યું. આ બાબતે શહેરા પોલીસ મથકે અ.મોતની ફરિયાદ નોંધાવા પામી છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ધી આદિવાસી વિકાસ ગ્રા. ભંડાર
મુ. રતનપુર, તા. મોરવા(હ)

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ધી આદિવાસી સહ. ગ્રા. ભંડાર
મુ. ચોપડાબુઝર્ગ, તા. મોરવા(હ)

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

આર. પી. પગી
મુ. ખુદરા, તા. મોરવા(હ)

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

બી. એ. પટેલ
મુ. ખટવા, તા. મોરવા(હ)